(૨૦)

તાજેતરમાં થયેલ કોમી તોફાનોથી અસર
પામેલા ઉદ્યોગો, દુકાનદારો તથા સ્વરોજગારી
મેળવતા લોકોને ખાસ નાણાંકીય સહાય બાબત.

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્ર: આરએલએફ-૧૦૨૦૦૨-૭૬૦-(૮)-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 7 AUG 2002

સંદર્ભ:-

૧. ઉ.અને ખા.વિ. નો ઠરાવ ક્ર: આરએલએફ-૧૦૨૦૦૨-૭૬૦-(૫)-ચ,૧૬.૫.૦૨

૨. મહેસુલ વિભાગનો ઠરાવ ક્ર: આરએચએસ-૨૩૨૦૦૨-૫૧૩-યુઓ-૨૪-સ-૪, તા. ૩.૮.૦૨

ઠરાવ:-

રાજ્યમાં ફેબ્રુઆરી થી મે - ૨૦૦૨ દરમિયાન થયેલ કોમી તોફાનોથી નુકશાન પામેલા ઉદ્યોગો, દુકાનદારો, સ્વરોજગારી મેળવતા એકમો, હોટલો તેમજ વેપારી વાહનોને પગભર કરવા માટે ભારત સરકાર દ્વારા ખાસ નાણાંકીય સહાય જાહેર કરવામાં આવેલ. જેના અનુસંધાને આ વિભાગ દ્વારા ક્રમાંક (૧) ની સામે દર્શાવેલ તા. ૧૬.૫.૦૨ ના ઠરાવથી ખાસ નાણાંકીય સહાય જાહેર કરવામાં આવેલ છે.

કોમી તોફાનોથી અસર પામેલા એકમોના પુનર્વસન માટે ભારત સરકારે જાહેર કરેલ પેકેજની ગ્રાન્ટ ભારત સરકાર દ્વારા મહેસુલ વિભાગ હસ્તક મૂકવામાં આવેલ. મહેસુલ વિભાગ દ્વારા સંદર્ભના ક્ર (૨) ની સામે દર્શાવેલ ઠરાવથી રૂા. ૧૧.૨૩ કરોડની ગ્રાન્ટની ફાળવણી ઉદ્યોગ અને ખાણ વિભાગે કરવામાં આવેલ છે. સદરહુ રૂા. ૧૧.૨૩ કરોડની ગ્રાન્ટ ઉદ્યોગ કમિશ્નરશ્રીને હવાલે મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવની જોગવાઇઓ નીચે મુજબની શરતોને આધીન રહેશે.

૧. રૂા. ૧૧.૨૩ કરોડની ગ્રાન્ટ પૈકી રૂા. ૯.૮૩ કરોડ શહેરી વિસ્તારો માટે આયોજન બહાર તથા ગ્રામ્ય વિસ્તારો માટે રૂા. ૧.૪૦ કરોડ ખર્ચવાના રહેશે.

૨. મહેસુલ વિભાગે ફાળવેલ ગ્રાન્ટ પૈકી લાભાર્થીઓની યાદી તથા મંજૂર કરાયેલ લોનની રકમ અને સબસીડીની રકમની વિગતો ઉદ્યોગ કમિશ્નરશ્રી કચેરી દ્વારા ગ્રામ્ય વિસ્તારો તથા શહેરી વિસ્તારો માટે અલગ અલગ તૈયાર કરવાની રહેશે અને મહેસુલ વિભાગને પુરી પાડવાની રહેશે.

૩. ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માટે અલગ અલગ ફંડ ઉપયોગીતા સર્ટીફિકેટ નિયત સમયમર્યાદામાં ઉદ્યોગ કમિશ્નરશ્રી કચેરીએ તૈયાર કરવાનું અને આ વિભાગ મારફત મહેસુલ વિભાગને રજૂ કરવાનું રહેશે.

૪. કોમી તોફાનોથી અસરગ્રસ્ત ઇસમોને ( આ વિભાગના તા. ૧૬.૫.૦૨ ના ઠરાવમાં દર્શાવ્યા મુજબ ) આ યોજના હેઠળ લાભ આપવાનો રહેશે તેમાં લાભાર્થીની આવક, જાતિ, વર્ગ કે શૈક્ષણિક લાયકાતો જોવાની રહેતી નથી.

૫. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૮૨, મુખ્ય સદર - ૨૨૩૫, સામાજિક સુરક્ષા અને કલ્યાણ, પેટા મુખ્ય સદર - ૬૦, અન્ય સામાજિક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ, ગૌણ સદર - ૨૦૦- અન્ય કાર્યક્રમો, પેટા સદર (૨), હુલ્લડથી અસર પામેલા વ્યકિતઓને રાહત (આ.બ.) હેઠળ કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન.ડી.ભટ્ટ )
નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
- માન. મંત્રીશ્રી (ઉ) ના અંગત સચિવશ્રી.
- મુખ્યસચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
- રાહત નિયામકશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉદ્યોગ કમિશ્નરશ્રી, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર.
- કલેકટરશ્રી (તમામ),
- સર્વે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- હિસાબી અને તિજોરી નિયામકશ્રી, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત સરકાર, જુના સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ.